**જુનાગઢ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન સમરી કેસ નં. ૬૧/૨૦૨૬ હેઠળ હુકમ**

---

હાલનો કેસ આજરોજ નેશનલ લોક અદાલતમાં મુકવામા આવેલ છે જેમાં પી.જી.વી.સી.એલ. ના અધિકારીશ્રીઓ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેસ નિકળતાં આરોપીનો પ્રથમ ગુનો છે. અને તેઓએ આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બીલ વિગેરેની રકમ ભરપાઇ કરી દીધેલ હોય, આ સમરી કેસ ફરીયાદ પક્ષે માંડવાળ કરવા વાંધો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: **હુકમ** ::-

જુનાગઢ જી.યુ.વી.એન.એલ. દ્વારા ગ્રાહક/બિન ગ્રાહક ઉપર વીજચોરી સબંધે ધી ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી. આ કાયદાની કલમ ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વિજચોરીની રકમ ભરવા તૈયાર હોય તો આ કાયદાની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે. જુનાગઢ જી.યુ.વી.એન.એલ. આરોપી સામે ધી ઇલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ-૧૩૫-એ હેઠળ વિજચોરી અંગેની એફ.આઇ.આર. નં.સેકન્ડ ૩૨૧/૨૦૨૩ થી જુનાગઢ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલી છે.

ત.ક.અમલદારના ક્રિ.પ્રો. કોડની કલમ-૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વીજચોરી તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઇ કરી દીધેલ છે. આરોપીનો આ પ્રથમ વારનો ગુનો છે.

સબબ ધી ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ન હોય, સમરી સ્વીકારી ગુન્હો માંડવાળ કરવામાં આવે છે.

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**( જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા )**
ઇન્ચાર્જ સેશન્સ જજ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૦૭૫૬